જા.ક્ર.મા-૧/૨૦૨૬/૭૦૨૬

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૦૪/૦૨/૨૦૨૬.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ.સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના માન. પ્રધાનમંત્રીશ્રીના “પરીક્ષા પે ચર્ચા-૨૦૨૬” કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓના સંવાદનું પ્રસારણ વિવિધ સોશિયલ મીડિયા(યુટ્યુબ, ફેસબુક લાઈવ વગેરે), દૂરદર્શન, પીએમ ઈ-વિદ્યા ટીવી, રેડિયો ચેનલો અને નેટફ્લીક્સ, જિયો હોટસ્ટાર, એમેઝોન પ્રાઈમ વિડીઓ વગેરે જેવા OTT પ્લેટફોર્મ પર તા.૦૬/૦૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કરવામાં આવશે એ બાબતના તા.૦૪/૦૨/૨૦૨૬ના પત્રાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૪૫૪-૫૪૧ની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

ક્રમાંક: મઉમશબ/સંશોધન/2026/454-541
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10બી,જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર તા. 04/02/2026

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
શાસનાધિકારીશ્રી,(તમામ)

વિષય : "પરીક્ષા પે ચર્ચા-2026" કાર્યક્રમનું પ્રસારણ શાળાઓમાં નિહાળવા બાબત.
સંદર્ભ : શિક્ષા મંત્રાલય,ભારત સરકારનો પત્રક્રમાંક D.O.No.2-6/2025-PPC, તા.03/02/2026

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે માનનીય પ્રધાનમંત્રીશ્રીના "પરીક્ષા પે ચર્ચા-2026" કાર્યક્રમ અંતર્ગત તા.06/02/2026 ના રોજ વિદ્યાર્થીઓ સાથેના સંવાદનું પ્રસારણ થશે. માનનીય પ્રધાનમંત્રીશ્રીના "પરીક્ષા પે ચર્ચા-2026" કાર્યક્રમનું પ્રસારણ વિવિધ સોશિયલ મીડિયા (યુટ્યુબ, ફેસબુક લાઈવ વગેરે), દૂરદર્શન, પીએમ ઈ-વિદ્યા ટીવી, રેડિયો ચેનલો અને નેટફ્લિક્સ, જિયો હોટસ્ટાર, એમેઝોન પ્રાઇમ વિડીયો વગેરે જેવા વિવિધ OTT પ્લેટફોર્મ પર કરવામાં આવશે. સદર 'પરીક્ષા પે ચર્ચા 2026' ની 9મી આવૃત્તિનું પ્રસારણ તા.06/02/2026ના રોજ સવારે 10.00 કલાકે યુટ્યુબ લિંક https://www.youtube.com/watch?v=jL0nhTOhsPc પરથી કરવામાં આવશે.

ઉક્ત બાબતે તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ શાસનાધિકારીશ્રીઓએ નીચે મુજબ વ્યવસ્થા કરવાની રહેશે.

1. દરેક શાળામાં આ કાર્યક્રમ જોઈ શકાય તે મુજબની આનુસાંગિક વ્યવસ્થા સુનિશ્ચિત કરવી.
2. તમામ શાળાઓના ધોરણ-6 થી 12ના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સદર કાર્યક્રમમાં જોડાય તે સુનિશ્ચિત કરવું.
3. કાર્યક્રમના ફોટોગ્રાફ્સ MyGov portal પર અપલોડ કરાવવા.
4. TV પ્રસારણ સિવાય ઈન્ટરનેટના માધ્યમથી કોમ્પ્યુટર, લેપટોપ, કે મોબાઈલ પર તેમજ EDUSAT દ્વારા પણ કાર્યક્રમનો લાભ લઈ શકાય તેવી વ્યવસ્થા ગોઠવવી. અતિ દુર્ગમ વિસ્તાર જ્યાં TV પ્રસારણ જોવાની આવી કોઇ વ્યવસ્થા ઊભી થઈ શકે તેમ ના હોય તેવા વિસ્તારમાં રેડિયો/ટ્રાન્ઝીસ્ટર દ્વારા વિદ્યાર્થીઓ માનનીય પ્રધાનમંત્રીશ્રીના "પરીક્ષા પે ચર્ચા-2026" કાર્યક્રમને સાંભળી શકે તે મુજબની વ્યવસ્થા ઊભી કરવાની રહેશે.

"પરીક્ષા પે ચર્ચા-2026" કાર્યક્રમ બાબતે આપના જિલ્લાની શાળાઓને જાણ કરી ધો-6 થી 12ના વધુમાં વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ આ કાર્યક્રમ નિહાળે તે માટે જરૂરી તમામ પ્રકારની વ્યવસ્થા અને સંકલન કરવાનું રહેશે.

'પરીક્ષા પે ચર્ચા-2026' ના કાર્યક્રમમાં માન. પ્રધાનમંત્રીશ્રીના વિદ્યાર્થીઓ સાથેના સંવાદનો વિવિધ માધ્યમ થકી લાભ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા, કાર્યક્રમમાં હાજર રહેલ શિક્ષકોની સંખ્યા, વાલીઓની સંખ્યાની તેમજ ફોટોગ્રાફ્સ સાથેની વિગતો આ સાથે સામેલ ગૂગલ શીટમાં તા.06/02/2026ના રોજ 17.00 કલાક સુધીમાં અવશ્ય મોકલી આપવાના રહેશે.

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક
શિક્ષણ બોર્ડ,ગાંધીનગર

(પ્રકાશ ત્રિવેદી)
નિયામક
પ્રાથમિક શિક્ષણ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના :-

- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.